GJDH030025012023

શ્રી સરકાર
વિરૂધ્ધ
સંજયકુમાર ભારતસીંહ પટેલ

**(નમુનોઃ-અ)**

| | | |
|---|---|---|
| **મે. દેવગઢ બારીઆના પ્રિન્સિપાલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ફર્સ્ટ કલાસ શ્રી (એસ. આર. વકીલ) ની અદાલત, મુ. દેવગઢ બારીઆ** | | |
| | | **આંકઃ ૨૭** |
| ચુકાદાની તારીખ | : | **૧૬/૦૭/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | : | **૧૬૮૩/૨૦૨૩** |
| પોલીસ સ્ટેશન/ એફ.આઈ.આર. નંબર | : | પીપલોદ પોલીસ સ્ટેશન<br>પાર્ટ-સી ગુ.ર.નં. ૪૦૪/૨૦૨૩ |
| ગુનો | : | **પ્રોહી. એકટની કલમ-૬૬(૧)(બી) મુજબ** |

| | | |
|---|---|---|
| ફરિયાદી | : | **શ્રી સરકાર .** |
| વિદ્વાન એ.પી.પી.શ્રી | : | એસ. એમ. ડામોર |
| આરોપી | : | **સંજયકુમાર ભારતસીંહ પટેલ,**<br>રહે. વડેલા, નવા તળાવ ફળીયુ, તા. ગોધરા, જિ. પંચમહાલ. |
| આરોપીના વકીલશ્રી | : | એમ. એન. રાણા |

**(નમુનોઃ-બ)**

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૦૬/૧૦/૨૦૨૩ |
| ફરિયાદની તારીખ | : | ૦૬/૧૦/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | : | ૦૬/૧૧/૨૦૨૩ |
| ચાર્જફ્રેમ/પ્લીની તારીખ | : | ૨૦/૧૨/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૨૦/૨૨/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ૧૬/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૧૬/૦૭/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | - |
| સમયગાળો | : | વર્ષ ૦૨, માસ ૦૮, દિવસ ૧૦ |

| વર્ષ | માસ | દિવસ |
|---|---|---|
| ૦૨ | ૦૮ | ૧૦ |

## આરોપીની વિગત

| અ.નં. | આરોપીનુ નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાન/ નિર્દોષ | સજા | Crpc: 428 માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સંજયકુમાર ભારતસીંહ પટેલ | ૨૩/૦૨/૨૦૨૩ | ૨૩/૦૨/૨૦૨૩ | પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ | નિર્દોષ | – | – |

## (નમુનોઃ–ક)

(એ) ફરિયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટઃ–

| અ.નં. | આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૦૬ | ગેનાભાઇ પાતાભાઇ ચૌધરી કાજી | ફરિયાદી |
| ૨. | ૦૮ | સુરેશભાઇ ભાથુભાઇ બારીઆ | પંચસાહેદ |
| ૩. | ૧૦ | છત્રસીંહ હિંમતભાઇ પટેલ | પંચસાહેદે |
| ૪. | ૨૦ | ડૉ. અમીતકુમાર રામુભાઇ નીનામા | મેડીકલ ઓફીસર |
| ૫. | ૨૬ | દશરથસીંહ ભોપતસીંહ સોલંકી | ત.ક. અમલદાર |

(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદઃ

| અ.નં. | આંક | નામ |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદઃ

| અ.નં. | આંક | નામ |
|---|---|---|
| – | – | – |

ફરિયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગતઃ

(એ) ફરિયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજઃ

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧. | ૦૭ | ફરિયાદ |
| ૨. | ૦૯ | આરોપીની શરીર સ્થિતિનું પંચનામુ |
| ૩. | ૨૧ | પોલીસ યાદી |
| ૪. | ૨૨ | ફોર્મ–એ |
| ૫. | ૨૩ | ફોર્મ–બી |
| ૬. | ૨૪ | ફોર્મ–સી |

(બી) બચાવપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજઃ

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજઃ

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| – | – | – |

## ||| ઠરાવ |||

**(૦૧)** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૦૬/૧૦/૨૦૨૩ ના રોજ કલાક ૧૯ઃ૩૫ વાગે મોજે રેબારી ગામે ઘાટી ફળીયામાં જાહેરમાં આ કામના આરોપીએ પ્રોહી. પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે કેફી પીણુ પી નશો કરી પકડાઇ જઇ ગુનો કરેલ છે.

**(૧.૧)** આ કામના ફરિયાદીએ સદર ગુનાની ફરિયાદ પીપલોદ પો.સ્ટે. માં આપતા સદર ફરિયાદ પાર્ટ–સી નં. ૪૦૪/૨૦૨૩ થી રજીસ્ટરે લઈ આરોપી વિરૂદ્ધ પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે સદરહું ગુનાની તપાસ હાથ ધરેલ જે તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

**(૦૨)** ત્યારબાદ આ કામના આરોપીને અત્રેની કોર્ટ દ્વારા સમન્સની બજવણી કરવામાં આવેલ જે સમન્સ બજી જતા આરોપી હાજર થતાં તેઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરવામાં આવેલ. ત્યારબાદ આ કામના આરોપીની આંક–૩ થી પ્લી નોંધવામાં આવેલ જેમાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ. જેથી ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૦૩)** ત્યારબાદ ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાનુ જાહેર કરતાં આરોપીનુ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ સોગંદ ઉપર પુરાવો આપવાનો તથા બચાવના સાહેદ તપાસવાનો ઈન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે, તેમની ઉપર ખોટો કેસ કરેલ છે. ત્યારબાદ બંન્ને પક્ષોને સાંભળવામાં આવેલ છે.

**(૦૪)** ઉપરોકત કેસની હકીકતે મારા નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## :: મુદ્દા ::

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, તા. ૦૬/૧૦/૨૦૨૩ ના રોજ કલાક ૧૯ઃ૩૫ વાગે મોજે રેબારી ગામે ઘાટી ફળીયામાં જાહેરમાં

આ કામના આરોપીએ પ્રોહી. પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે કેફી પીણુ પી નશો કરી પકડાઇ જઇ પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૦૫)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

:: **નિર્ણયના કારણો** ::

**(૦૬)** સો પ્રથમ સદર કામે રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા, ફોજદારી કાર્યવાહી માં પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે પ્રસ્થાપિત થયેલ કેટલાક સિદ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

**(૬.૧)** ન્યાયતંત્રના સ્થાપીત સિદ્ધાંત મુજબ પુરાવાનુ મુલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં ક્યાંય વ્યાખ્યા બધ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનૂન સમર્પિત કોઈ નિયમ નથી. પુરાવાનુ મૂલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબીતી અને ના સાબીતીની વ્યાખ્યા પર આધારિત છે.

**(૬.૨)** ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ પર રહેલ છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. જ્યારે બચાવપક્ષે પોતાનો બચાવ સંભવિતતાના સિદ્ધાંત ઉપર પુરવાર કરવાનો રહે છે અને તે માટે બચાવપક્ષ ફરિયાદપક્ષના સાહેદોનાં પુરાવા દરમિયાન ઉલટતપાસ માં તે હકીકત પુરવાર કરી શકે છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યરીતિ માં નથી હોતી. ફોજદારી કાર્યવાહી માં તમામ તબક્કે પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા જ માત્ર દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનુ તહોમત નિઃશંકપણે પુરવાર કરવાનું રહે છે.

**(૬.૩)** સાબીત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકત અસ્તિત્વ હોવાનું માને તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

(૬.૪) ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૩૪ વંચાણે લેતા, કોઈ એક હકીકત સાબિત કરવા અમુક સાહેદોની સંખ્યા હોવી જરૂરી નથી. એટલે કે સાહેદોની " સંખ્યા / જથ્થો નહીં, પુરાવાની " ગુણવત્તા" કે સાહેદોનાં પુરાવાની "વિશ્વાસનીયતા" મહત્વની હોય છે.

(૬.૫) કોઈ સાક્ષી હીત ધરાવતા હોવા માત્રથી તેના પુરાવા આપો આપ અગ્રાહ્ય ગણી શકાય નહીં કે નજર અંદાજ કરી શકાય નહીં. પરંતુ, આવા કિસ્સામાં અદાલતે સાહેદોનાં પુરાવાનુ મૂલ્યાંકન બારીકાઈથી, ઝીણવટભરી રીતે અને વધુ સભાન/સજાગપણે કરવાનુ રહે છે. જો તે સાહેદનો પુરાવો વિશ્વસનીય, ભરોસાપાત્ર અને માનવા લાયક જણાતો હોય તથા ફરીયાદપક્ષની મહત્વની બાબતમાં તેના પુરાવામાં કોઈ વિરોધાભાષી હકીકત માલુમ પડેલ ન હોય તો તેવા પ્રસંગે તેવા હિત ધરાવતા સાહેદના પુરાવાને આધારે પણ આરોપીને તકસીરવાન ઠરાવી શિક્ષા કરી શકાય છે.

(૬.૬) હાલના કામે આરોપી વિરૂધ્ધ પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનાનો આક્ષેપ હોઈ સદરહુ કલમના આવશ્યક તત્વો મુજબનો ગુનો સાબિત કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે અને તે સાબીત કરવા ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવો રજુ કરવો જોઈએ. તેવા સંજોગોમાં આરોપીએ ફરિયાદમાં જણાવેલી હકીકતની સાબીતીનો બોજો ફરિયાદપક્ષ પર છે.

**<u>મુદ્દા નંબર–૧:</u>**

(૦૭) **<u>સદરહુ કામે હકીકત મુજબનો ગુનો પુરવાર કરવા સારું ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદોનાં પુરાવા નીચે મુજબ છે.</u>**

(૭.૧) આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૬ થી ફરિયાદી ગેનાભાઇ પાતાભાઇ ચૌધરીને સોગંદ ઉપર તપાસેલા છે. જેમાં ફરિયાદી જણાવે છે કે, તા. ૦૬/૧૦/૨૦૨૩ ના રોજ અમો તથા એ.એસ.આઈ. અનીલકુમાર બળવંતસિંહ, અ.હે.કો. દશરથસિંહ ભુપતસિંહ તથા અન્ય પોલીસના માણસો એ રીતેના ખાનગી વાહનમાં પીપલોદ પો.સ્ટે. વિસ્તારમાં વાહન ચેકીંગમા હતા તે દરમ્યાન એક ઈસમ જાહેરમાં કોઈ કેફી પીણુ પીને બકવાટ કરતો હોય અને રોડની સાઈડમાં ચાલતો હોય જે શંકાસ્પદ લાગતા તેની પુછપરછ કરતા તે સ્પષ્ટ જવાબ આપતો ન હતો અને કોઈ કેફી પીણુ પીધેલા હાલતમાં જણાતો હોય જેથી નજીકમાંથી બે પંચોના માણસો બલાવી પંચો રૂબરૂ સદર ઈસમનુ નામ પુછતા તેણે

પોતાનુ નામ સંજયકુમાર ભારતસિંહ પટેલ હોવાનું તુટક તુટક શબ્દોમાં તોતડાતી જીભે જણાવેલ અને સદર ઈસમના મોઢામાંથી કોઈ કેફી પીણુ પીધેલાની તીવ્ર વાસ આવતી હોય સદર ઈસમને સીધી લીટીમાં ચલાવી જોતાં પોતાના શરીર સ્થિતિ સંભાળી રાખી શકતો ન હતો અને આમતેમ લથડીયા ખાતો હોય સદર ઈસમને નશો કરી હરવા ફરવા બાબતે કોઈ પારપરમીટ કે આધાર પુરાવો રજુ કરવા જણાવતા કોઈ આધાર પુરાવો નહી હોવાનુ જણાવેલ. જેથી અમારી સાથેના એ.એસ.આઈ. અનીલકુમાર બળવંતસિંહનાઓએ પંચો રૂબરૂનુ કલાક ૧૯:૦૫ થી ૧૯:૩૪ સુધીનુ રેબારી ઘાટી મુકામે બેટરીના અજવાળે પંચનામું કરેલુ અને અમોએ આરોપી વિરૂધ્ધ પીપલોદ પો.સ્ટે.માં પ્રોહી એકટની કલમ-૬૬(૧)બી મુજબની ફરિયાદ આપેલી. જેમાં ફરિયાદી તરીકે મારી સહી છે. જે હું ઓળખુ છુ. જે ફરિયાદને રજુ દાખલ આંક-૦૭ આપવામાં આવે છે. આરોપી આજરોજ કોર્ટમાં હાજર નથી. હાજર હોય તો ઓળખી શકુ.

જયારે ફરિયાદી આરોપી પક્ષે કરેલ ઉલટ તપાસમાં જણાવે છે કે અમે રેબારી ઘાટી પાસે સાંજના છ વાગે વાહન ચેકીંગમાં હાજર થયેલા. એ વાત ખરી છે કે અમે વાહન ચેકીંગમાં હતા ત્યારે ત્યાં ઘણાં બધા વાહનોની અવર જવર ચાલુ હતી. એ વાત ખરી છે કે રેબારી ઘાટીવાળો રોડ હાઈવે રોડ છે અને તે રોડ ઉપર ટોલનાકુ આવે છે. પંચોને એ.એસ.આઈ. અનીલભાઈનાઓએ બોલાવેલા. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ પંચનામુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે પંચનામુ કરતા પહેલા ફરીયાદ આપેલી. એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ ખોટી ફરિયાદ આપી ખોટી જુબાની આપુ છુ.

**(૭.૨)** આ કામે ફરિયાદપક્ષે આંક-૨૦ થી ડૉ. સાહેદ અમીતકુમાર રામુભાઇ નીનામાને સોગંદ ઉપર તપાસેલ છે તેઓ જણાવે છે કે, તા. ૦૬/૧૦/૨૦૨૩ ના રોજ હુ સીએચસી પીપલોદ ખાતે ફરજ બજાવતો હતો ત્યારે રાતના ૭:૫૦ પીએમએ સંજયકુમાર ભારતસીહ પટેલ રહે. વડેલાવ, ઉવ.૨૦ પોલીસ યાદી સાથે પોલીસ અમલદાર એમ.એલ.મુનીયા લઈને આવેલા. જે બાબતની યાદી સાથે મારી સમક્ષ આવેલ જે યાદીને રજુ દાખલ આંક-૨૧ આપવામાં આવે છે. ત્યારબાદ સદર ઈસમની મેડીકલ તપાસણી કરતા મે મેડીકલ ફોર્મ-એ મુજબ તપાસણી કરતા તેની ઉ.મ. ૨૦ વર્ષ અને તેની શ્વાસમા દારૂની વાસ આવતી હતી. તેની ભાષા સામાન્ય હતી અને ચાલ સ્થિર હતી. આંખની કીકીઓ સામાન્ય હતી. મારા મત મુજબ આ ઈસમ દારૂ પીધેલ હાલતમા છે તેવુ સ્પષ્ટ રીતે બહારથી કહી શકાય.

બ્લડની ચકાસણી ફોર્મ એ– ભરી તે ઈસમની સહી લીધેલ તથા ઓળખાણમાં માર્ક નોંધ કરેલા જેમા તેના ડાબા હાથના અંગુઠાનું નિશાન લીધેલ. મે ફોર્મ એ ભરેલ જેમા મારી સહી અને હોદ્દાનો સીકકો છે જેને રજુ દાખલ આંક–૨૨ આપવામાં આવે છે. ત્યારબાદ ફોર્મ બીની કાર્યવાહી કરેલ જેમા ઈસમના હાથને નોર્મલ સલાયનથી કલીન કરેલ અને હાથમાથી બે સીસી બ્લડ વાયલમા કલેકટ કરેલ. આમા કોઈ આલ્કોહોલ પદાર્થનો ઉપયોગ કરવામા આવેલ નથી. આ વાયલને શીલ કરી ફોરેન્સીલ તપાસ માટે ગાંધીનગર મોકલી આપેલ. તે ફોર્મ બી આજ રોજ મારી સાથે લાવેલ છુ જેને રજુ દાખલ આંક–૨૩ આપવામા આવે છે. ત્યારબાદ લોહી પરીક્ષણ કરીને તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ ફોર્મ સી આવતા જે ફોર્મ સી જોતા સદર બ્લડ સેમ્પલ તા. ૦૭/૧૦/૨૦૨૩ ના રોજ મોકેલેલ અને તા.૦૯/૧૧/૨૦૨૩ ના રોજ એફ.એસ.એલ.કચેરીએ રીસીવ થયેલ તથા ડેટ ઓફ એનાલીસીસ તા. ૧૭/૧૧/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ. જેમા આલ્કોહોલની માત્રા ૦.૦૭૭૭ ગ્રામ પર્સેન્ટેજ આવેલ. જે આલ્કોહોલની અસર તળે હતો. જે સામાન્ય કરતા વધારે હતો. જે ફોર્મ સી હુ મારી સાથે લાવેલ છુ જેમા ગાંધીનગર એફએસએલ એમ.આર.પટેલની સહીવાળુ છે જેને રજુ દાખલ આંક–૨૪ આપવામાં આવે છે.

જયારે સદર ડૉ. સાહેદ આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવે છે કે, બનાવના દીવસે આરોપીને મારી પાસે ૭:૫૦ વાગે લઈને આવેલા. તેની ચકાસણી એમએલસી નંબર નોધીને દસથી પંદર મીનીટની અંદર ચકાસણી કરેલ. એ વાત ખરી છે કે બ્લડ સેમ્પલ લેવા માટે પીપલોદ પીએચસીમા કોઈ અલગથી લેબોરેટરીને વ્યવસ્થા નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે આવી ચકાસણી અમે મેડીકલ ઓફીસરના રૂમમા કરીએ છીએ. એ વાત ખરી છે કે આ મેડીકલ ઓફીસનો અલગ રૂમ છે તેમા સ્ટાફ નર્સ, પટાવાળા તથા અન્ય પેશન્ટોની પણ અવર જવર રહે છે. એ વાત ખરી નથી કે આરોપીની ચકાસણી દરમીયાન અન્ય વ્યકિતઓ તાત્કાલીક સારવાર માટે આવેલા. એ વાત ખરી છે કે કફ શીરપમા આલ્કોહોલનુ પ્રમાણ હોય છે. એ વાત ખરી નથી કે ડોકટરે જણાવ્યા મુજબના ડોઝ કરતા વધારે પ્રમાણે કફ શીરપ લેવામા આવે તો દર્દીના મોં માંથી આલ્કોહોલની વાસ આવી શકે છે. એ વાત ખરી છે કે ફોર્મ–બી મારા હસ્તાક્ષર છે. એ વાત ખરી છે કે ફોર્મ–એ માં પેશન્ટને તપાસણીનો સમય ૮:૧૫ નાંખેલ છે અને ફોર્મ–બીમાં જે પ્રકીયા કરી તેનો ૮:૦૦ સમય નાખેલ છે. એ વાત ખરી છે કે મરકયુલોકોમ અને જેન્સનવાયોલેટ બ્લડ લેતા પહેલા સ્કીન સાફ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે

છે કે જે તે સમયે પીએચસીમા ઉપલબ્ધ ન હોવાથી નોર્મલ સલાયનથી સ્કીન સાફ કરેલ કારણ કે તેમા આલ્કોહોલ પ્રમાણ હોતુ નથી. એ વાત ખરી છે કે બ્લડ સેમ્પલ લીધા બાદ ફીયાલની શીલ મારવાની કામગીરી મારા સ્ટાફના માણસોએ કરેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારી સામે કરેલી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે બ્લડ સેમ્પલ લીધા બાદ તે પરીક્ષણ માટે એફએસએલમા દિન– ૭ મા મળી જવુ જોઈએ. મને આજરોજ ફોર્મ–બી બતાવવામાં આવે છે જેમાં બ્લડ સેમ્પલ તા. ૦૭/૧૦/૨૦૨૩ ના રોજ મોકલવવામા આવેલ. સદર લોહી સેમ્પલ એફ.એસ.એલ.ગાંધીનગર ખાતે તા. ૦૯/૧૧/૨૦૨૩ ના રોજ મળેલ છે. એ વાત ખરી નથી કે મે પ્રોહીબિશન મેડીકલ એકઝામીનેશન અને બ્લડ ટેસ્ક રૂલ ૪(૨) મુજબ નીયત કરેલ સમયમર્યાદામાં બ્લડ સેમ્પલ એફએસએલમા મોકલેલ નથી અને આ નીયમ મુજબની કાર્યવાહી કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે બ્લડ સેમ્પલ શીલ કરી ઓફીસમા મુકી દીધેલ. એ વાત ખરી છે કે ફીયાલ પર કઈ તારીખે એકસપાઈર થાય છે તે તારીખની ખાતરી કરેલ નહી. એ વાત ખરી નથી કે આરોપીનુ બ્લડ સેમ્પલ ખોટી રીતે કલેકટ કરવામાં આવેલ છે અને જેના લીધે પેશન્ટના બ્લડમાં આલ્કોહોલનું પ્રમાણ આવેલ છે.

(૭.૩) આ કામે ફરિયાદ પક્ષે આંક–૨૬ થી ત.ક.અ. દશરથસીંહ ભોપતસીંહ સોલંકીને સોગંદ ઉપર તપાસેલ છે તેઓ જણાવે છે કે, તા.૦૬/૧૦/૨૦૨૩ ના રોજ હુ પીપલોદ પો.સ્ટે. અ.હે.કો. તરીકે મારી ફરજ પર હતો તે દરમીયાન ફરિયાદી ગેનાભાઈ પાતાભાઈ અ.પો.કો.નાઓની ફરિયાદ મુજબ પીપલોદ પો.સ્ટે. ગુ.ર.ન. ૪૦૪/૨૩ પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનો દાખલ થઈ જેની તપાસના કામે એ.એસ.આઈ. અનીલભાઈ બળવંતભાઈનાઓએ ગુનાવાળી પંચનામુ કરેલ અને ત્યારબાદ લાગતા ગળગતા સાહેદોના નિવેદનો અમોએ લખી લીધેલ. ત્યારબાદ આરોપીની અટક કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવા મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખુ છુ.

જયારે સદર ત.ક.અ. આરોપી પક્ષે કરેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે તપાસના કામે પોલીસ સાહેદ સીવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નહી. એ વાત ખરી નથી કે પંચોની હાજરીમા પંચનામુ કરેલ નહી. એ વાત ખરી છે કે ચાર્જશીટ સીવાય અન્ય કોઈ સાહેદોના નિવેદનો લીધેલ નહી. એ વાત ખરી નથી કે પુરતો પુરાવો ના હોવા છતા ખોટુ ચાર્જશીટ કરી ખોટી જુબાની આપુ છુ.

(૭.૪) આ કામે ફરિયાદ પક્ષે આંક–૦૮ થી સુરેશભાઇ ભાથુભાઇ બારીયાનાઓને તથા આંક–૧૦ થી પંચસાહેદ છત્રસીંહ હિંમતભાઇ પટેલનાઓને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ આરોપીની શરીર સ્થિતિના પંચસાહેદ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, આજથી અંદાજે પાંચ મહિના પહેલા હું પીપલોદ પો.સ્ટે.માં મારા કામે ગયેલ ત્યારે પોલીસે એક લખેલા કાગળ પર સહિ કરવાનું કહેતાં મે તેમાં સહિ કરી આપેલી. તે કાગળ કઇ બાબતનો હતો તેની મને ખબર નથી. તે કાગળ મે વાંચેલ નહી કે પોલીસે મને વાંચી સંભળાવેલ નહી અને પંચનામામાં પંચસાહેદ તરીકે મારી સહિ છે. આમ, સદર પંચસાહેદોએ પંચનામા અનુરૂપ જુબાની આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રીએ સદર પંચસાહેદોને હોસ્ટાઇલ જાહેર કરેલ છે.

જયારે સદર પંચસાહેદોની આરોપી પક્ષે કરેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે પોલીસે એક તૈયાર લખેલ કાગળ પર મારી સહિ લીધેલ હતી. એ વાત ખરી છે કે સહિ કર્યા સિવાય પંચનામાની હકિકત વિષે હું કંઇ જાણતો નથી.

(૦૮) **આમ, ફરિયાદપક્ષ દ્વારા તપાસવાં આવેલ ઉપરોક્ત સાહેદોના પુરાવાનું મૂલ્યાંકન નીચે મુજબ છે.**

(૮.૧) હવે આ કામે રેકર્ડ પર આવેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તે પહેલા કેટલાંક કાયદાકીય સિધ્ધાંતો ટાંકવા અત્રે જરૂરી જણાઇ આવે છે, જે નીચે મુજબ છે.

ભારતીય ક્રિમીનલ જસ્ટીસ તથા ક્રિમીનલ જ્યુરીસપૃડન્સ મુજબ ફરિયાદપક્ષે તેનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં ફરિયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગિક પુરાવાથી સાબિત કરવાનો રહે છે. વધુમાં કોઈપણ દંડાત્મક કાનુનનું અર્થઘટન કરતી વખતે તેને ***"strictly construed"*** કરવાનું રહે છે, એટલે અદાલતે કાયદાના શબ્દો ***(litera legis)*** કરતા આગળ વધવું જોઈએ નહિ.

**Beyond reasonable doubt** એટલે શું?

ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા નિર્ણય ઉપર પહોંચે કે, આરોપી વ્યાજબી શંકાથી પર ગુનેગાર છે, જે અન્વયે

પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રીમ કોર્ટ ધ્વારા સ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેવા જોઈએ, જે અન્વયે ***જયંતિલાલ કુબેરદાસ શર્મા વિરૂધ્ધ રાજય ૨૦૦૭(૧) જી.એલ. આર.૯૯*** ધ્યાને લેતા:

*"A Judge does not preside over a criminal trial merely to see that no innocent men is punished, a Judge also preside to see that guilty man does not escape. Both are public duty. The proof beyond reasonable doubt is mere guideline and not fetish. Reasonable doubt is not an imaginary, trival, or merely possible doubt, but a fare doubt based upon reason and common sense."*

(૮.૨) આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઈએ અને તે કાલ્પીનક ન હોવો જોઈએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહી પરંતુ વ્યાજબી શંકા આરોપીની ગુનામાં સંડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઈએ. આમ, ઉપરોકત સિધ્ધાંતો નજર સમક્ષ રાખી રેકર્ડ પરના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તે નીચે મુજબ છે.

(૮.૩) હાલના કામે આરોપી વિરૂધ્ધ ગેરકાયદેસર વગર પાસ પરમીટનો દારૂ પીધાનો આરોપ છે, જે સંજોગોમાં બ્લડ ટેસ્ટની કાયદાકીય જોગવાઈઓ અનુસંધાને મેડીકલ પુરાવાનું મુલ્યાંકન કરવું જરૂરી જણાય છે. સરળતા ખાતર બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામિનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ, ૧૯૫૯ નિયમ-૪ ની જોગવાઈ નીચે દર્શાવવામાં આવેલ છે.

**<u>4. Manner of Collection and forwarding of blood.</u>**

(1). The registered medical practitioner shall use a syringe for the collection of the blood of the persons produced before him under rule 3. The syringe shall be sterilized by putting in the boiling water before it is used for the aforesaid purpose. He shall clean with 1% aqueous solution of mercurochrome of genitor violet, not containing alcohol or its solution the skin surface of that part of such person's body from which he

intends to withdraw blood. No alcohol shall be touched at any stage while withdrawing blood from the body of the person. He shall withdraw not less than 5 c.c of venous blood in the syringe from the body of the person. The blood collected in the syringe shall then be transferred into a phial containing anticoagulant and preservative and the phial shall be shaken vigorously to dissolve the anticoagulant and preservative in the blood. The phial shall be labeled and its cap sealed by means of sealing wax with the official seal or the monogram of the registered medical practitioner.

(2) The sample blood collected in the phial in the manner stated in sub-rule (1) shall be forwarded for test to the Testing officer either by post or with special messenger so as to reach him within seven days from the date of its collection. It shall be accompanied by a forwarding letter in form "B" which shall bear facsimile of the seal or monogram used for sealing the phial of the blood sample.

(૮.૪) આમ ઉપરોકત કાયદાકીય જોગવાઈ અનુસંધાને હાલના કામે તબીબી અધિકારીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલના કામે તબીબી અધિકારીશ્રીના પુરાવાથી હાલના આરોપીના લોહીમાં એફ.એસ.એલ. રીપોર્ટ મુજબ નીયત માત્રા કરતા વધુ આલ્કોહોલ મળી આવેલાનું પુરવાર થતુ હોય તે સંજોગોમાં ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ ૬૬(૧)(બી) મુજબનો ગુનો બને છે કે કેમ તેની વિચારણા કરવાનું રહે છે. જે અંગે ફરિયાદ પક્ષે રજુ રાખેલ દસ્તાવેજો તથા આ કામના ડૉ. સાહેદના પુરાવાને તથા દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેવામાં આવે તો આરોપીઓના લોહીના નમુના ફોર્મ એ માં જણાવ્યા મુજબ તા. ૦૬/૧૦/૨૦૨૩ ના રોજ લીધેલ છે અને તે એફ.એસ.એલ. કચેરી ખાતે ફોર્મ સી માં જણાવ્યા મુજબ તા. ૦૯/૧૧/૨૦૨૩ ના રોજ પહોંચેલ છે. આમ, સદર બાબત ધ્યાને લેતાં આરોપીઓના લોહીના નમુના એફ.એસ.એલ. કચેરી ખાતે ૭ દિવસની અંદર

પહોંચેલ નથી. જેથી હકિકતે બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામિનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ, ૧૯૫૯ નિયમ-૪ ની જોગવાઈનો ભંગ થાય છે.

(૮.૫) આમ, ઉપરોક્ત તમામ પુરાવાઓ ધ્યાને લેતા, આ કામે અન્ય સ્વતંત્ર સાહેદોના અભાવે માત્ર પંચસાહેદનો પુરાવો ગૌણ બની જાય છે. જેમાં હાલના કેસમાં પંચસાહેદો કે જેઓ ફરિયાદ પક્ષના કેસની હકીકતને તેમજ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઈ, તે હાલના કેસને મદદરૂપ થતાં નથી. આમ, તમામ પુરાવાઓ ધ્યાને લેતા આરોપીના લોહીના ચકાસણી તથા પૃથક્કરણ અંગેની આદેશાત્મક જોગવાઈઓનું સંપુર્ણપણે પાલન થયેલ ન હોઈ તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. આ કામે ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી સામે તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીએ સદર ગુનો કરેલ હોવાનું પુરવાર થતું ન હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૧) મુજબ પ્રોહીબીશન એકટની કલમ- ૬૬(૧)(બી) મુજબના શિક્ષાનેપાત્ર ગુનાના કામે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આથી આરોપીને આદેશ આપવામાં આવે છે કે, તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ)મુજબ હુકમની તારીખથી ૬(છ) માસની સમયમર્યાદા માટે રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર)ના જાત જામીન તથા જાત મુચરકા રજુ કરવા.

**હુકમ આજરોજ તારીખ ૧૬મી માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ ૧૬/૦૭/૨૦૨૬**
**સ્થળઃ દેવગઢ બારીઆ**

**(સેતુલ રણછોડભાઈ વકીલ )**
**પ્રિન્સિપાલ જયુડી. મેજી. ફ.ક.,**
**દેવગઢ બારીઆ**
**કોડ નં. જીજે-૦૧૫૩૭**